# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-09-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

--------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CENTRAL TEAM VISITS VADODARA

રાજ્યમાં પાક નુકસાનનો સરવે કરવા આવેલા કેન્દ્ર સરકારની ટુકડીએ આજે  વડોદરા, ખેડા, આણંદ. સુરેન્દ્રનગર અને જામનગર જીલ્લાની મુલાકાત લીધી.

ટુકડીએ વડોદરામાં નુકસાનીનો તાગ મેળવવા અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.. બેઠકમાં મહાનગરપાલિકાના કમિશનર દિલીપ રાણાએ શહેરની ભૂગોળીય સ્થિતિ, આજવા સરોવર, દેવ ડેમ અને પ્રતાપ સરોવરના જળસ્ત્રાવ વિસ્તાર ઉપરાંત ઉપરવાસમાં પડેલા વરસાદ, આજવા સરોવરની જળ સંગ્રહશક્તિની સ્થિતિની વિગતો આપી હતી. આ બેઠક બાદ કેન્દ્ર સરકારની આંતર મંત્રીમંડળ કેન્દ્રીય ટુકડીએ આજવા સરોવર, શહેરના માર્ગો પર પડેલા ભૂવાઓનું નિરીક્ષણ કર્યું અને વિશ્વામિત્રી નદીની પણ સ્થિતિ જાણી હતી. ઉપરાંત, કેન્દ્ર સરકારના વરિષ્ઠ અધિકારીઓએ દોઢ સો વર્ષ જૂના આજવા સરોવરના આધુનિકીકરણ કરવા પર ભાર મૂક્યો હતો.

કેન્દ્રીય ટુકડીએ આ તમામ જીલ્લાઓના પૂર અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી હતી. હવે આ ટુકડી કેન્દ્ર સરકારને તેમનો અહેવાલ સુપરત કરશે.

# RUSHIKESH PATEL ON GOVERNMENT

રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકારે ત્રણ વર્ષમાં અનેક પડકારોનો સામનો કરવો પડ્યો છે. આ સરકારે વેગથી પ્રવેગને વિકાસમાં પરિવર્તિત કરવાનું કામ કર્યું છે. રાજ્યમાં 11 નવી નીતિ થકી વિકાસ થયો છે. પ્રવક્તા મંત્રીએ વધુમાં આ મુજબ જણાવ્યું….

**(બાઇટ- ઋષિકેશ પટેલ-પ્રવક્તા મંત્રી)**

ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના શાસનને આજે ત્રણ વર્ષ પૂર્ણ થયા છે.

# DIU HARBER PROJECT

કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં દીવ-વણાકબારા ફિશિંગ હાર્બર માટે કેન્દ્ર સરકાર દ્વારા 128 કરોડ 86 લાખ રૂપિયાની રકમ મંજૂર કરવામાં આવી છે. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજનાની ચોથી વર્ષગાંઠ નિમિત્તે કેન્દ્રીય મંત્રી રાજીવ રંજન સિંહે નવી દિલ્હી ખાતે આ અંગે માહિતી આપી હતી. અગાઉ, કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસક પ્રફૂલ પટેલે વણાકબારામાં ફિશિંગ હાર્બર પ્રૉજેક્ટને મંજૂર કરાવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને રજૂઆત કરી હતી.

# CM APPROVES ROAD WORK- C. UDEPUR

રાજ્ય સરકાર દ્વારા છોટાઉદેપુર વિધાનસભા મતવિસ્તારના 14 રસ્તાના સમારકામને મંજૂરી આપવામાં આવી છે. છોટાઉદેપુરના અમારા પ્રતિનિધિ રાજેશ રાઠવા જણાવે છે કે, ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાએ રસ્તાના સમારકામ માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને રજૂઆત કરી હતી, જેને પગલે રાજ્ય સરકારે 22 કરોડ 65 લાખ રૂપિયાના ખર્ચે આ વિસ્તારમાં લુણાજા એપ્રોચ રોડ, એસએચ ડોબા ચાપરા એપ્રોચ રોડ, સિંગલાજા ટૂ રિંછવેલ રોડ, નાલેજ ઓલિઆંબા સિમલફળિયા રૉડ સહિતના 14 રસ્તાના સમારકામ કરાવવાની મંજૂરી આપી છે.

# MEHSANA- STHAPNA DAY

મહેસાણા જિલ્લાનો આજે 667મો સ્થાપના દિવસ છે. મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતિ ચૌધરી જણાવે છે કે, આજે તોરણવાળી માતાજીના ચોકથી ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. વિક્રમ સંવત 1414એ ભાદરવા સુદ-

10ના રોજ મેસજી ચાવડાએ શહેરની મધ્યમાં આવેલાં તોરણવાળી માતાજીના મંદિરમાં સાત નારિયેળના તોરણ બાંધીને મહેસાણાની સ્થાપના કરી હતી.

# GIR SOMNATH KHANIJ CHORI

ગીરસોમનાથ જિલ્લામાં ભૂસ્તરશાસ્ત્રીની ક્ષેત્રિય ટુકડીએ ખનીજનું ગેરકાયદે વહન કરતા પાંચ ટ્રેક્ટર જપ્ત કર્યા હતા. દરમિયાન ટુકડીએ 25 લાખ રૂપિયા જેટલો માલસામાન જપ્ત કર્યો હતો. ટુકડીએ માલસામાન સહિત ટ્રેક્ટરને પાટણ પોલીસ સ્ટેશન ખાતે મોકલી દીધા હતા.

# STATE RAIN REPORT

રાજ્યમાં વરસાદનું જોર ઘટતાં છેલ્લા 24 કલાકમાં માત્ર 34 તાલુકામાં સામાન્ય વરસાદ વરસ્યો છે. રાજ્યમાં અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ કુલ 124 ટકા વરસાદ નોંધાયો હોવાના અહેવાલ છે. આમાંથી સૌથી વધારે 183 ટકા વરસાદ કચ્છ અને 130 ટકા વરસાદ સૌરાષ્ટ્ર ઝોનમાં વરસ્યો છે. આ પહેલા વર્ષ 2022માં રાજ્યમાં મોસમનો સરેરાશ કુલ 122 ટકા વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે 16મી સપ્ટેમ્બર સુધી માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપી છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા બંધમાં પણ હાલમાં કુલ સંગ્રહક્ષમતાના 91 ટકા જેટલો પાણીનો સંગ્રહ થયો છે. જ્યારે 117 બંધ 100 ટકા, 47 બંધ 70થી 100 ટકા વચ્ચે, 21 બંધ 50થી 70 ટકા વચ્ચે ભરાયા હોવાના અહેવાલ છે. ઉપરાંત રાજ્યના 145 બંધ હાઈ-અલર્ટ, 12 બંધ અલર્ટ અને સાત બંધ હજી પણ ચેતવણી પર છે.

# SWACHCHHATA HI SEVA ABHIYAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ 17મી સપ્ટેમ્બરથી દેશવ્યાપી ‘સ્વચ્છતા હી સેવા 2024’ અભિયાનનો પ્રારંભ થશે. 31મી ઑક્ટોબર સુધી

યોજાનારા આ અભિયાન સંદર્ભે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યની મહાનગરપાલિકાના કમિશનરો તથા જિલ્લા કલેક્ટરો સાથે ગાંધીનગરથી વીડિયો કૉન્ફરન્સ યોજી હતી. દરમિયાન તેમણે અભિયાનના આયોજનને અપાઈ રહેલા આખરી ઓપની સમીક્ષા કરી હતી.

શ્રી પટેલે કહ્યું કે, રાજ્યભરમાં સ્વચ્છતા અને સફાઈના કાર્યક્રમો સતત અને નિરંતર વર્ષ દરમિયાન પણ ચાલતા રહે તેવી વ્યવસ્થા ગોઠવીને જ આપણે ‘સ્વભાવ સ્વચ્છતા-સંસ્કાર સ્વચ્છતા’ને સાચા અર્થમાં સાર્થક કરી શકીશું.